સ.શિ.પ. / જુલાઈ ૯૯ / ૧૦,૦૦૦ 

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા

## સત્સંગ પ્રારંભ

**સવારે ૯ થી ૧૨ ]** **(રવિવાર, ૧૮ જુલાઈ, ૧૯૯૯)** **કુલ ગુણ : ૧૦૦**

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**(વિભાગ - ૧ ઘનશ્યામ ચરિત્ર)**

**પ્ર.૧. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** **૫**

૧. ક્રોધે ભરાયેલા દુર્વાસા ઋષિએ શું શાપ આપ્યો ?
૨. ઘનશ્યામે વાંદરાને કેટલા દિવસ સમાધિમાં રાખ્યો ?
૩. એકાદશી કરવાથી કેટલું પુણ્ય થાય ?
૪. ઘનશ્યામ મહારાજના જમણા પગમાં આવેલાં ચિહ્નોમાંથી કોઈ પણ ચાર લખો.
૫. ઘનશ્યામે ક્યા ઝાડ ઉપર ચઢી પશ્ચિમ તરફ જોયું ?

**પ્ર.૨. નીચેનાં વિધાનો કોણ, કોને કહે છે તે લખો. (કોઈ પણ પાંચ)** **૧૦**

૧. ‘‘મને ગોળ ખાવા આપો તો કાન વીંધાવીશ.’’
૨. ‘‘આમ હસી શું રહ્યો છે ? હજામત પૂરી કર....’’
૩. ‘‘મને બધી જ મીઠાઈઓ આપો તો આ વીંટી આપું.’’
૪. ‘‘છોકરા, મને ઉપદેશ આપે છે ? શરમાતો નથી ?’’
૫. ‘‘તમે સૌ આ બધી કેરીઓ ઉપાડવા માંડો.’’
૬. ‘‘અમારા પુત્રને વગર વાંકે તમારા ઘનશ્યામે માર્યો છે.’’
૭. ‘‘આજે તમે હાથીનો ક્રોધ દૂર ન કર્યો હોત, તો હું મરી જાત.’’

**પ્ર.૩. કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **૧૦**

૧. ભક્તિમાતાના અંતકાળે ઘનશ્યામે .......................... રૂપે દર્શન દીધાં. (નારાયણ, રામચંદ્ર, ચતુર્ભુજ નારાયણ)
૨. કાશીમાં વિદ્વાનોની સભામાં ઘનશ્યામે ...................... મતનું સ્થાપન કર્યું. (અદ્વૈત, દ્વૈત, વિશિષ્ટાદ્વૈત)
૩. ધર્મદેવ, રામપ્રતાપ અને ઘનશ્યામ ............................. ગાયને શોધવા ગયા. (ગોમતી, કપિલા, ગૌરી)





૪. ઘનશ્યામ સંધ્યા આરતીમાં ....................... અચૂક પહોંચી જતા. (વિદ્યાકુંડના મંદિરમાં, મહાદેવના મંદિરમાં, હનુમાન ગઢીએ)
૫. ઘનશ્યામને ........................... માં જનોઈ આપી. (અયોધ્યા, છપૈયા, કાશી)
૬. .................................. નામના રાક્ષસે ઘનશ્યામને સરયૂ નદીમાં ફગાવી દીધો. (કાલિદત્ત, કૌશિક, કાલિયા)
૭. ધર્મદેવે કરેલી પુત્રની પરીક્ષામાં ઘનશ્યામે ....................... ઉપાડ્યું. (તલવાર, સોનામહોર, પુસ્તક)
૮. અયોધ્યામાં ધર્મદેવના ઘરની પાછળ ................ નું મંદિર હતું.(શિવ, રામ, હનુમાન)
૯. ઘનશ્યામનાં માસીનું નામ ..................... હતું. (લક્ષ્મી, સુવાસિની, ચંદન)
૧૦. ઘનશ્યામનો જન્મ રાતના ............................ વાગે થયો હતો. (૧૦, ૮, ૧૨)

**પ્ર.૪. નીચેના પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગ ટૂંકમાં વર્ણવી તેનો ભાવાર્થ - બોધ લખો. (બારેક લીટીમાં)** **૫**

૧. નવી બત્રીસી. ૨. માછલીઓ સજીવન કરી. ૩. ભૂતિયો કૂવો.

**પ્ર.૫. નીચેના ‘અ’ વિભાગની સામે ‘બ’ વિભાગમાંથી યોગ્ય શબ્દ શોધી જોડકાં બનાવો.** **૫**

| ‘અ’ | | ‘બ’ |
|---|---|---|
| ૧. કુસ્તીના દાવ | ............. | ૧. સરયૂને કાંઠે |
| ૨. કાન વીંધાવ્યા | ............. | ૨. રામઘાટ પર |
| ૩. વાંદરાઓ | ............. | ૩. મેથીપાક |
| ૪. ઘનશ્યામ પથ્થર ઉપર બેઠા | ............. | ૪. દૂધપાક-પૂરી |
| ૫. ખીચડીને બદલે | ............. | ૫. ગોળ |

**(વિભાગ - ૨ યોગીજી મહારાજ)**

**પ્ર.૬. નીચેનાં વિધાનો કોણ, કોને કહે છે તે જણાવો. (કોઈ પણ પાંચ)** **૧૦**

૧. ‘‘તમે ગણોને ! મારું ખોટું હશે તો તમારું પણ ખોટું પડશે.’’
૨. ‘‘હા સ્વામી, સાધુ બનાવો તો સારું, મારી એ જ ઇચ્છા છે.’’
૩. ‘‘આજે તો તહેવાર કહેવાય, નવા દિવસોમાં ઉપવાસ ન કરાય.’’
૪. ‘‘શાસ્ત્રીજી મહારાજની તેમના પર નાનપણથી દૃષ્ટિ પડી ગઈ હતી.’’
૫. ‘‘તમે વેરને પ્રેમથી શમાવે તેવા શ્રીજીમહારાજના આદર્શ પરમહંસ જેવા છો.’’
૬. ‘‘આટલું બધું સહન કેમ કરો છો ?’’
૭. ‘‘તમે મારા અંતરની ઇચ્છા પૂરી કરી.’’

**પ્ર.૭. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો. ૫**

૧. શાસ્ત્રીજી મહારાજના પ્રથમ મિલનમાં ઝીણાભગતે અને સંતોએ શું ભેટ ધરી?
૨. કઈ ત્રણ વસ્તુ નિત્ય છે ?
૩. યોગીજી મહારાજની ૬૫ મી જન્મજયંતી ક્યાં ઉજવાઈ હતી ?
૪. 'યજ્ઞપુરુષ સ્મૃતિ' ગ્રંથ ક્યા ઉત્સવ પ્રસંગે પ્રગટ થયો હતો ?
૫. યોગીજી મહારાજનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો ?

**પ્ર.૮. કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. ૧૦**

૧. સત્સંગ સંબંધી માહિતી માટે યોગીજી મહારાજે ...................... શરૂ કરાવી. (રવિસભા, સત્સંગ પત્રિકા, યજ્ઞપુરુષ સ્મૃતિ)
૨. લંડનમાં ......................... નદીમાં યોગીજી મહારાજે ઠાકોરજીને સ્નાન કરાવ્યું. (થેમ્સ, નાઈલ, એમેઝોન)
૩. .................... નામના હેડ માસ્તરે ચંદુને વગર વાંકે માર્યો. (ત્રિભોવનદાસ,કલ્યાણદાસ,છગનભાઈ)
૪. કૉલેજમાં ભણતાં હોઈએ ત્યારે રોજ .................... કલાક વાંચવું. (ચાર, છ, આઠ)
૫. ................. માં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે અમદાવાદમાં પ્રમુખ સ્વામીને સંસ્થાના પ્રમુખ તરીકે ચાદર ઓઢાડી. (સં. ૨૦૦૬, સં. ૨૦૦૭, સં. ૨૦૦૮)
૬. આપણે ............................ જેવા થવું. (અગ્નિ, પાણી, સિંહ)
૭. યોગીજી મહારાજને ડાબા હાથની ................... આંગળીએ સર્પ કરડ્યો હતો. (પહેલી, ટચલી, બીજી)
૮. ગૃહત્યાગ વખતે ઝીણાભાઈની ઉંમર આશરે .......... વર્ષની હતી. (૧૪, ૧૭, ૨૧)
૯. યોગીજી મહારાજ ................... માં અંતર્ધાન થયા. (રાજકોટ, મુંબઈ, ગોંડલ)
૧૦. યોગીજી મહારાજ સૌ પ્રથમ ઈ.સ. ............................ માં આફ્રિકા પધારેલા. (૧૯૫૫, '૬૦, '૬૨)

**પ્ર.૯. નીચેનામાંથી કોઈ પણ <u>એક</u> પ્રસંગ વિષે ટૂંકનોંધ લખો. (બારેક લીટીમાં) ૫**

૧. નિઃસ્પૃહી સંત ૨. 'હું તો સેવક છું.' ૩. ગુરુભક્તિ

**(વિભાગ - ૩ કિશોર સત્સંગ પ્રારંભ)**

**પ્ર.૧૦. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો. ૧૦**

૧. સહજાનંદ સ્વામીએ રામાનંદ સ્વામી પાસે માંગેલું પહેલું વરદાન લખો.
૨. જોધાની ભક્તિ કોના જેવી હતી ?





૩. શાસ્ત્રીજી મહારાજે ક્યાં ક્યાં મંદિરો બાંધ્યાં ?
૪. ગંગામા મહારાજને શું કહીને બોલાવતાં ?
૫. પૂજામાં કોની કોની મૂર્તિ રાખવી જોઈએ ?
૬. એક સંતે ભૂમાનંદ સ્વામીને ભૂખ્યા જાણીને શું આપ્યું ?
૭. નાથ ભક્ત મહારાજને શેની ભેટ ધરતા ?
૮. ભગુજીને મારવા કોણ કોણ તૈયાર થયું ?
૯. રામાનંદ સ્વામીના ધામમાં ગયા પછી શ્રીજીમહારાજે ક્યા નામનું ભજન કરાવ્યું ?
૧૦. પાણવી ગામના રાજપૂત હરિભક્ત કોણ હતા ?

**પ્ર.૧૧. કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. ૫**

૧. મૂળજીને ......................... વર્ષે જનોઈ આપી. (૮, ૧૨, ૧૪)
૨. વજીબા ....................... ગામમાં રહેતાં હતાં. (વીરપુર, વિજાપુર, ગઢપુર)
૩. ભાલની બીબડીએ શ્રીજીમહારાજને .................. આપ્યું. (અનાજ, દાતણ, સોનું)
૪. મુક્તાનંદ સ્વામીએ ..................... ગામમાં સહજાનંદ સ્વામીની આરતી ઉતારી. (કારિયાણી, મેઘપુર, કાલવાણી)
૫. પહેલા ગંગામા ................. સ્વામીનાં શિષ્ય હતાં. (રામાનંદ, આત્માનંદ, સહજાનંદ)

**પ્ર.૧૨. નીચેનામાંથી કોઈ પણ <u>એક</u> વિષય પર ટૂંકનોંધ લખો. (બારેક લીટીમાં) ૫**

૧. ધૂન. ૨. સામત પટેલ. ૩. શૂરવીર બાલભક્ત.

**પ્ર.૧૩. નીચેનામાંથી કોઈ પણ <u>પાંચ</u> કીર્તન/અષ્ટક/શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો. ૧૦**

૧. પુરુષોત્તમ ............................................ સુગમ કરી સિદ્ધિ.
૨. સ્વસ્થાનં ............................................... ગમનાય ચ ।
૩. જેનું નામ રટ્યા ..................................... પાયે નમું પ્રીતથી.
૪. ગળ્યા સાટા ......................................... સાકર છે ઝાઝી.
૫. શાસ્ત્ર સકળનો ..................................... જય જય ગુણાતીતાનંદ.
૬. વાણી અમૃત ......................................... નિત્યે નમું ભાવશું.
૭. પ્રગટ હરિ ગુરુ ..................................... હૃદયે ધારી.

**પ્ર.૧૪. નીચેનામાંથી કોઈ પણ <u>એક</u> 'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ કરો. (દસેક લીટીમાં) ૫**

૧. કોઈ ભગવાન સંભારે, ...............................................................
૨. ભગવાન પોતાના ભક્તની રક્ષા કરવા .....................................

✿ ✿ ✿